

॥ श्रीगणेशायनमः ॥

॥ श्लोक ॥१॥

अपारसंसारसमुद्रमध्ये, निमज्जतोमेशरणं किमस्ति ॥ गुरोःकृपाळोकृपयावदैतद्विश्वेश पादांबुजदीर्घनौका.

અર્થ—ગુરૂને, શિષ્ય પુછેછે જે સંસાર રૂપી સમુદ્ર અપાર છે તેમાં હું બુડુ છું તે કોને શરણ જાઉં, ત્યારેં ગુરૂએ કહ્યું કે જે કૃપાવાન ગુરૂ ને વિશ્વના ઇશ્વર તેના ચરણરૂપી નાવને શરણ જા.

॥ श्लोक ॥२॥

बंधोहिकोयोविषयानुरागीःकोवाविमुक्तोविषयेविरक्तः ॥ कोवास्तिघोरोनरकस्वदेहत्रष्नाक्षयस्वर्गपदंकिमस्ति ॥

અર્થ—પ્ર૦ બંધ્ર કીયો? ઉ૦ વિષયમાં પ્રિતિ તે. પ્ર૦ મુક્ત કોણ? ઉ૦ વિષયનો ત્યાગી તે. પ્ર૦ ઘોર નર્ક કિયું? ઉ૦ પોતાનો દેહ તે. પ્ર૦ સ્વર્ગ કિયું? ઉ૦ તૃષ્ણાનો ત્યાગ તે.

॥ श्लोक ॥३॥

संसारहृत्कस्तुनिजात्मबोधःकोमोक्षहेतुःप्र
थितःसएव॥द्वारंकिमेकंनरकस्यनारीकास्व
र्गदाप्राणभृतामहिंसा॥

અર્થ—પ્ર૦ સંસાર તે કોણ હરે? ઉ૦ પોતાના આત્માનો બો-
ધ તે. પ્ર૦ મોક્ષનો હેતુ કોણ? ઉ૦ જે બોધ અંતરમાં પ્રસરે તે.
પ્ર૦ નર્કનુ એક બારણુ કિયુ? ઉ૦ નારી. પ્ર૦ સ્વર્ગનો દાતા કોણ?
ઉ૦ જેને હિંસા વહાલી નહીં તે.

॥ श्लोक ॥४॥

शेतेसुखंकस्तुसमाधिनिष्ठो जागर्तिकोवास
दसद्विवेकि॥केशत्रवःसंतिनिजेंद्रियाणिता
न्येवमित्राणिजितानिकानि॥

અર્થ—પ્ર૦ સુખે સુતો તે કોણ? ઉ૦ જે સમાધી વાળો તે. પ્ર૦
જાગતો તે કોણ? ઉ૦ સત અસતનો વિવેક કરનારો તે. પ્ર૦ શત્રુ
કોણ? ઉ૦ પોતાની ઇંદ્રીયો તેજ જીતાય તો મિત્ર.

॥ श्लोक ॥५॥

कोवादरिद्रोहिविशालतृष्णः श्रीमांश्चकोय
स्यसमस्तितोषः॥जीवन्मृतोःकस्तुनिरुद्य

मोयःकोवामृतःस्यात्सुखदादुराशा ॥

અર્થ—પ્ર૦ દરીદ્રી તે કોણ? ઉ૦ જેહને વિશાળ તૃષ્ણા તે. પ્ર૦ શ્રીમંત તે કોણ? ઉ૦ જે સર્વ વસ્તુનો સંતોષી તે. પ્ર૦ જીવતો મુઓ તે કોણ? ઉ૦ જેને ઉદ્યમ નહીં તે. પ્ર૦ અમૃત સરખુ શું? ઉ૦ સુખ દેનારી કોઇની આશા ન રાખવી તે.

॥ श्लोकः ॥६॥

पाशोहिकोयोममताभिधान : संमोहयत्ये वसुरेवकास्त्री ॥ कोवामहांधोमदनातुरोयोमृत्युश्चकोवायशस्वकियं ॥

અર્થ—પ્ર૦ પાસ જે બંધ તે કિયો? ઉ૦ જેના અંતરમાં અભિમાન તે. પ્ર૦ કેફના સરખો મોહ કારક વસ્તુ શી? ઉ૦ સ્ત્રી. પ્ર૦ મ્હોટો આંધળો કિયો? ઉ૦ કામાતુર તે. પ્ર૦ મૃત્યુ કિયું? ઉ૦ પોતાનુ અપયશ થયું તે.

॥ श्लोक ॥७॥

कोवागुरुर्योहिहितोपदेष्टाशिष्यस्तुकोयोगुरुभक्तएव॥कोदीर्घरोगोभवएवसाधोकिमापथ्यंतस्यविचारएव ॥

અર્થ—પ્ર० ગુરૂ કિયો? ઉ० હીતનો ઉપદેશ કરે. તે. પ્ર० શિષ્ય કિયો? ઉ० ગુરૂની સેવા કરે તે. પ્ર० મોટો રોગ કીયો? ઉ० સંસાર. પ્ર० તેહેનુ ઓસડ શું? ઉ० વિચાર.

॥ श्लोक ॥८॥

किन्भूषणाभ्दूषणमस्तिशीलंतीर्थंपराकिंस्व मनोविशुद्धं॥किमास्तिहेयंकनकंचकांतासे- व्यंसदाकिंगुरूवेदवाक्यं॥

અર્થ—પ્ર० ઘરેણુ કિયું? ઉ० શીલ રૂપીયું તે. પ્ર० તિર્થ મ્હોટું કીયું? ઉ० પોતાનુ મન શુદ્ધ તે. પ્ર० તજવુ શું? ઉ० કનક તથા કાંતા. પ્ર० સાંભળવું શું? ઉ० ગુરૂનાં તથા વેદનાં વાક્ય.

॥ श्लोक ॥९॥

केहेतवोब्रह्मगतोस्तिसंतिसत्संगगतिर्दांतवि चारतोषाः॥केसंतिसंतोखिलवितरागाअ्प- पास्तमोहाशिवतत्वनिष्ठा॥

અર્થ—પ્ર० બ્રહ્મગતીનુ હેતુ કોણ? ઉ० સત્સંગતી, દયા, સુવિચાર અને સંતોષ એ ચાર તે. પ્ર० સંત કોણ? ઉ० સારી પેઠે વૈરાગ્ય છે તથા મોહ પણ ગયો છે તે શિવ તત્વને જાણે તે. પ્ર० જન્મ લેનારો તાવ કિયો? ઉ० ચિંતા. પ્ર० મુર્ખ કોણ? ઉ० અવિવેકી.

॥ श्लोक ॥ १० ॥

कोवाज्वरःप्राणभृतांहिचिंतामूर्खोस्तिकोय
स्तुविवेकहिनः॥कार्यामयाकाशिवविष्नुभ-
क्तिःकिंजिवनंदोषविवर्जितंयत ॥

અર્થ—પ્ર• શું કામ કરવુ? ઉ૦ શીવ વિશ્નુની ભક્તિ કરવી.
પ્ર૦ નિરવાહને માટે શું કરવું. ઉ૦ પાપ રહિત કામ કરવુ.

॥ श्लोक ॥ ११ ॥

विद्याहिकाब्रह्मगतिप्रदाया बोधोहिकोय-
स्तुविमुक्तिहेतुः॥कोलाभआत्मावगमोहिं-
योवैजितंजगत्केनमनोहियेन ॥

અર્થ—પ્ર૦ વિધા કેઈ. ઉ૦ બ્રહ્મગતિની આપનારી. પ્ર૦ બોધ
કિયો. ઉ૦ મુક્તિનો હેતુ તે. પ્ર૦ લાભ કિયો. ઉ૦ આતમાને જાણે
તે. પ્ર૦ જગત કોણે જીત્યું ઉ૦ જેણે મન જીત્યું તેણે.

॥ श्लोक ॥ १२ ॥

शुरान्महाशुरतमोस्तिकोवामनोजबाणैर्व्य
थितोनयश्तु ॥ प्राज्ञोतिधिरश्चसमोश्तिको·

वाप्राप्तोनमोहंललनाकटाक्षै॥

અર્થ—પ્ર૦ સુરામાં સુરો કિયો. ઉ૦ જેણે કામ જીત્યો તે. પ્ર૦ ધીરજવાળો તથા બુદ્ધિમાન કિયો. ઉ૦ જે સ્ત્રિના નેત્ર ચપળતાથી મોહ ન પામ્યો તે.

॥ श्लोक ॥१३॥

विषाद्विषंकिंविषयाःसमस्ताःदुःखिसदाको विषयानुरागि॥धन्योस्तिकोंयस्तुपरोपकारी कःपूजनियोननुतत्वनिष्ठा॥

અર્થ—પ્ર૦ વિષમાં વિષ કિયું. ઉ૦ સમસ્ત વિશય છે તે. પ્ર૦ દુખિયો કોણ. ઉ૦ વિષયમાં હેત રાખેછે તે. પ્ર૦ ધન્ય કોહોને. પરોપકારીને. પ્ર૦ પુજવા યોગ્ય કોણ. ઉ૦ આત્મ તત્વ જાણુનારોતે.

॥ श्लोक ॥१४॥

सर्वास्ववस्थास्वपिकिंनकार्यं किंवाविधेयंविदुषांप्रयत्नात॥स्नेहश्चपापंपठनंचधर्म्मःसंसारमुलंहिकिमस्तिचिंत्ता॥

અર્થ—પ્ર૦ સર્વદા કિયુ કામ ન કરવું તથા પંડિતે શી મેહેનત કરવી. ઉ૦ સર્વદા પાપ તથા સ્નેહ ન કરવો તથા પંડિતે ભણવું તથા

ધર્મકરવો. પ્ર० સંસારનું મુખ્ય શું. ઉ० ચિંતા.

॥ श्लोक ॥ १५ ॥

विज्ञान्महाविज्ञतमोश्ति कोवानार्यापिशा-
चानचवंचितोय : काशृखलाप्राणभृतांचना
रिदिव्यंवृतंकिंचनिरश्तदैन्यं ॥

અર્થ—પ્ર० મ્હોટું વિજ્ઞાન કીયું. ઉ० પિશાચીરૂપી સ્ત્રીએ ન ઠ-
ગ્યો તે. પ્ર० હેડ તથા બેડી કેઈ. ઉ० નારી. પ્ર० ચોખુ વ્રત કિયું.
ઉ० કપટ વિનાની ગરીબાઇ તે.

॥ श्लोक ॥ १६ ॥

ज्ञातुंनसक्यंहिकिमस्तिसर्वै योषिन्मनोयच्च
रितंतदीयं॥कादुस्त्पजासर्वजनैर्दुराशाविद्या
विहिन:पशुरश्तिकोवा ॥

અર્થ—પ્ર० જ્ઞાની ને સર્વથી ન જણાય તે શું? ઉ० સ્ત્રીના મન-
ની વાત ન જણાય. પ્ર० સર્વથી ન તજાય તે શું? ઉ० ખોટી ઇ-
ચ્છા. પ્ર० મુર્ખ કોણ? ઉ० વિદ્યા વગરનો તે.

॥ श्लोक ॥ १७ ॥

वासोनसंग:सहकैर्विधेयोमूर्खौश्चपापैश्चखल

लैश्चनीचै ॥ मुमुक्षुणा किंचरितंविधेयंसत्संग
तिर्निर्ममतेषुभक्ति ॥

અર્થ—પ્ર૦ જ્ઞાની થવું હોય તો કીયે ઠામે રેહેવું તથા કોનો સંગ ન કરવો? ઉ૦ જ્યાં સતસંગ હોય ત્યાં, ને મુર્ખનો, પાપીનો, ખળનો તથા નીચનો સંગ ન કરવો. પ્ર૦ જ્ઞાની થવું હોય તેણે કેઈ રીતે ચાલવું? ઉ૦ સત્સંગતીથી પરમેશ્વરની નિર્મમતા ભક્તિ કરવી.

॥ श्लोक ॥ १८ ॥

लघुत्वमूलंचकिमर्थितैवगुरुत्वबिजंयदयाचनंकिं ॥ जातोस्तिकोयस्यपुनर्नजन्मकोवामृतोयस्यपूनर्नमृत्युः ॥

અર્થ—પ્ર૦ ન્હાનો થવાનુ મૂળ શું? ઉ૦ જાચના કરવી તે. પ્ર૦ મ્હોટો શાથી થાય? ઉ૦ ઇશ્વરપદ જાચેથી. પ્ર૦ જન્મ્યો કોણ? ઉ૦ જેને ફરી જનમ નથી તે. પ્ર૦ મુવો કોણ? ઉ૦ જેને ફરીને મરવુ નહીં તે.

॥ श्लोक ॥ १९ ॥

मूकोस्तिकोवाबधिरश्चकोवायुक्तंनवक्तुंसमयेसमर्थः ॥ तथ्यंसुपथ्यंनशृणोतिवाक्यंविश्वा

सपात्रंनाकिमाश्तिनारी ॥

અર્થ—પ્ર૦ મુગો કોણ તરા બેહેરો કોણ? ઉ૦ જેહેવું જોઇએ તેવું ન બોલાય ને એશઠ જેનાં ગુરૂનાં વચન ન સાંભળે તે. પ્ર૦ વિશ્વાસ કોનો ન કરવો? ઉ૦ સ્ત્રીનો.

॥ श्लोक ॥२०॥

तत्वंकिमेकंशिवमाद्वितीयंकिमुत्तमंसच्चरितंयदस्ति ॥किंकर्मकृत्वानचशोचनीयंकामारीकंसारीसमर्चनारव्यं ॥

અર્થ—પ્ર૦ એક તત્વ કીયું? ઉ૦ અદ્વૈત શીવ તે. પ્ર૦ ઉત્તમ તે શું? ઉ૦ રૂડાં આચરણ. પ્ર૦ કીયું કામ ન કરવું કે જેથી શોક ન થાય? ઉ૦ કામના વેરી શીવ ને કંસના વેરી કૃષ્ણ એઓને સમ ભાવે પુજવા.

॥ श्लोक ॥२१॥

शत्रोर्महाशत्रुतमोस्तिकोवाकाम : सकोपानृतलोभतृष्णा॥नपूर्यतेकोवोपयैसएवकिंदु:खमूलंममताभिधान: ॥

અર્થ—પ્ર૦ શત્રુથી મોટો શત્રુ કીયો? ઉ૦ કામ, ક્રોધ, અસત્ય,

લોભ, અને તૃષ્ણા, એ પાંચ. પ્ર૦ કયે વારે ન પુરાય એ શું? ઉ૦ વિષય. પ્ર૦ દુખનુ મુળ કીયું? ઉ૦ મમતા ભરાએલા તે.

॥ श्लोक ॥२२॥

किंमंडनंसाक्षरतामुखस्यसत्यंचकिंभूतंहि-
तंतदेव॥त्यक्त्वासुखंकिंस्त्रियमेवसम्यक्देयं
परंकिंत्वमयंसदैव ॥

અર્થ—પ્ર૦ મુખની શોભા શી? ઉ૦ ઇશ્વર સંબંધી બોલે તે. પ્ર૦ સત્ય કીયું? ઉ૦ સર્વ ભુતનુ હીત કરવું. પ્ર૦ શું તજે સુખ થાય? ઉ૦ સ્ત્રી સર્વ પ્રકારે તજેથી સુખ થાય. પ્ર૦આપવું શું? ઉ૦અભેદાન.

॥ श्लोक ॥२३॥

कस्यास्तिनाशोमनसोहिमोक्षःक्वसर्वथाना
स्तित्त्वयंविमुक्तौ॥शल्यंपरंकिंनिजमूर्खतैवके
वैस्युपास्यागुरवश्चवृद्धाः ॥

અર્થ—પ્ર૦ શુ મુવે મોક્ષ થાય? ઉ૦ મન. પ્ર૦ સર્વ ભય ક્યારે જાય? ઉ૦ મુક્તિનો સિદ્ધાંત થાય ત્યારે પ્ર૦પરમ શલ્ય એટલે મ્હોટું તીરકીયું? ઉ૦ પોતાની મુર્ખતા તે. પ્ર૦કોની સેવા કરવી? ઉ૦ગુરૂના.

॥ श्लोक ॥२४॥

उपस्थितेप्राणहरेकृतांतेकिमाशुकार्यंसुधि-
याप्रयत्नात्॥वाक्कायचित्तैःसुखदंयमघ्नंमुरा
रिपादांबुजमेवचित्यं॥

અર્થ--પ્ર૦ મરતી વખતે શું કરવું? ઉ૦ મન વાણી કાયાથી ઈશ્વર સંભારવા.

॥ श्लोक ॥२५॥

केदश्यवःसंतिकुवासनाख्याकशोभतेयंःस
दसिप्रविद्याः॥शांतेवकायासुखदासुविद्याः
किमेधतेज्ञानवशातसुविद्याः ॥

અર્થ—પ્ર૦ સંતને ચોર કીયા? ઉ૦ કુવાસના. પ્ર૦ સભામાં કોણ શોભે? ઉ૦ જે બ્રહ્મવિદ્યા વાળો તે. પ્ર૦ શાંતીનુ સુખ કોણ આપે? ઉ૦ સુવિદ્યા. પ્ર૦ શું આપેથી વધે? ઉ૦ બ્રહ્મવિદ્યા.

॥ श्लोक ॥२६॥

कुतोहिभीतीसततं विधेयाल्लोकापवादाभ्द
वकाननाच॥कोवास्तिबंधूपितरौच कोवावि
पत्सहायपरिपालकेकंः ॥

અર્થ—પ્ર૦ સંતને શાથી બીહીવું? ઉ૦ લોકની નિંદાથી તથા સંસાર રૂપ વાડીના રખે મોહ લાગે તેથી. પ્ર૦ ભાઇ તે કોણ તથા માતા પિતા તે કોણ? ઉ૦ પ્રાણાંત વિપત્તિએ સહાય કરે તે માતા પિતા.

॥ श्लोक ॥२७॥

बुद्ध्यानबोधंपरिशिष्य तर्किंशिवंप्रशांतसुखबोधरुपं॥ज्ञातेतुकस्मिन् विदितंजगत्स्यात्सर्वात्मकेब्रह्मणिपूर्णरुपे ॥

અર્થ—પ્ર૦ બુદ્ધિથી બોધ ન થાય એવી શી વસ્તુ છે? ઉ૦ જે સચ્ચિદાનંદ રૂપ શીવ તે. પ્ર૦ સર્વે જગત જણાય શું જાણ્યાથી? ઉ૦ સર્વ આત્મક એવું જે પુર્ણ રૂપ એવું જે પરબ્રહ્મ તે જાણે સર્વ જાણ્યું

॥ श्लोक ॥२८॥

किंदुर्लभंसद्गुरुरस्तिलोकेसत्संगतिर्ब्रह्मविचारणंच॥त्यागोहिसर्वस्यनिजात्मबोधःको दुर्जयःसर्वजनैर्मनोजः॥

અર્થ—પ્ર૦ ત્રણ લોકમાં શું દુર્લભ? ઉ૦ સદગુરૂ તથા સત્સંગતિ તથા બ્રહ્મ વિચાર. પ્ર૦ સર્વનો ત્યાગ ક્યારે થાય! ઉ૦ જ્યારે શીવ આત્મ બોધ થાય ત્યારે. પ્ર૦ સર્વથી ન જીતાય તે શું? ઉ૦ કામને જીતાતો નથી.

॥ श्लोक ॥२९॥

पाशोपशुःकोनकरोतिधर्म्मंप्राधिनशास्त्रोपि नचात्मबोधः॥किंतद्विपंन्नातिसुधोपमस्त्रीके शत्रवोमित्रवदात्मजाद्याः ॥

અર્થ—પ્ર૦ પશુનો પશુ કોણ? ઉ૦ વેદ શાસ્ત્ર ભણ્યો પણ આત્માબોધ ન થયો તે. પ્ર૦ અતિ સરખુ લાગેછે પણ પછી ઝેર છે તે શુ? ઉ૦ સ્ત્રિ. પ્ર૦ શત્રુ છે પણ મિત્ર સરખો લાગે છે તે શુ? ઉ૦ પોતાનાં છોકરાં આદી લઈને.

॥ श्लोक ॥३०॥

विद्युच्चलंकिंधनयौवनायुर्दानपरंकिंचसुपात्रदत्तं॥कंठंगतैरप्यसुभिर्नकार्यंकिंवाविधेयंमलिनंशिवार्चा ॥

અર્થ—પ્ર૦ વીજળીની પેઠે થાતુ ને તરત ફીટી જાય તે શું? ઉ૦ ધન, જોબન, ને આયુષ્ય. પ્ર૦ મ્હોટુ દાનકીયું? ઉ૦ સુપાત્રને આપવું તે. પ્ર૦ કંઠેપ્રાણ આવ્યો હોય તોપણ શું નકરવું? ઉ૦ ખોટું કામ.

॥ श्लोक ॥३१॥

किंकर्मयत्प्रीतिकरंमुरारेःक्कास्थानकार्य्यास-

ततंत्ववाब्धौ॥अहर्निशंकिंपरिचिंतनीयंसं-
सारमिथ्यात्वशिवात्मतत्वं॥

અર્થ—પ્ર૦ કર્મ તે કીયું? ઉ૦ ભગવાનની સાથે પ્રિતી થાય તે કર્મ. પ્ર૦ નિરંતર આસ્થા ક્યાંહાં ન કરવી? ઉ૦ સંસાર રૂપી સમુદ્રમાં. પ્ર૦ રાત દિવસ શું ચીંતન કરવું? ઉ૦ સંસારનું મિથ્યાપણુ તે શીવાત્મતત્વ.

॥ श्लोक ॥३२॥

कंठंगतावाश्रवणंगतावा प्रश्नोत्तराख्याम-
णिरत्नमाळा॥तनोतुमोदंविदुषांप्रयत्नात्र
मेशगौरीशकथेवसद्यः॥

અર્થ—એ ગ્રંથની ફળ શ્રુતી જે કોઇ એ ગ્રંથ પાઠ કરે, સાંભળે, સંભળાવે, એવી જે મણી રત્ન માળા તે રમેશ જે વીશ્નુ ને ગૌરીશ જે શીવ તેના ચરણનો શેવાનું ફળ થાય.

॥मणिरत्नमाळा समाप्त॥

ચર્પટ પંજરીકા.

ઇશ્વરને ભજવા વિષે

ભજન.

રામ ભજન કર રામ ભજન કર, રામ ભજન કર મુઢ મતી; અંત સમે કાંઇ કામ ન આવે, સ્રી પુત્રાદિક એક રતી. ૧ બાળપણુ રમવામાં ખોયું, તરૂણપણે તરૂણી મુખ જોયું; વૃદ્ધપણે ચિંતામાં બુડયો, પરબ્રહ્મને કદી ન ઢુંઢયો. રામ૦ ૨ અંગ ગળી ગયું, માંથુ પળી ગયું, દાંત વિનાનુ મ્હોડુ થઇ ગયું; વરદ્ધ થયો કાડીને ઝાલી, તોએ ન મુકી મનની પાળી. રામ૦ ૩ વારે વારે અવતરવું મરવું, માત ઉદરમાં આવી સુવું; ભવ સાગરનો નથી આરો, શ્રી પતી મુજને પાર ઉતારો. રામ૦ ૪ રાત ગઇ ને વાયુ વાહાણુ, દીપ દીવાળી હોળી ટાણુ; કાળને રમત ઉમર ખુટી, તોએ ન તારી આશા તુટી. રામ૦ ૫ મુડયું માથુ માથે જટા, ભગવાં લુગડાંની છે છટા; શા માટે જે જુએ લોક, પેટને માટે કીધો શોક. રામ૦ ૬ ગઇ વએ શો-કાન વીકાર, સુકયું નીર નહીં તાંહાં સાર; પ્રીત નહી તો શો પરીવાર, બ્રહ્મજ્ઞાન તાંહાં શો સનસાર. રામ૦ ૭ આગળ અગ્નિ પુઠળ ભાનુ, રાતે દહાડો હેડળ જાણુ; કરતલ ભિક્ષા માથે ઝાડ, તોહે ન મુકી આશા વાટ. રામ૦ ૮ જાંહાં લગણ રળવાની શકિત, તાંહાં લગણ પરીવારની ભકિત; કાયા જારે જર જર હોઇ, વાત ન ઘરમાં પુછે

કોઈ. રામ૦ ૯ કટકે કટકે કંથા જોડે, પાપ પુન્યનો મારગ છોડે; નહીં હું નહીં તું નહીં આ લોક, મિથ્યા શાને કરીએ શોક. રામ૦ ૧૦ નારીનાં સ્તન જોઈ મોહ્યો, મિથ્યા જનમ મોહમાં ખોયો; એ સઘળો છે માંસ વિકાર, મનમાં વારંવાર વિચાર. રામ૦ ૧૧ ગાવી ગીતા મનમાં રામ, ભજના શ્રીપતીને નિસ્કામ; સાધુ સંગમાં ધરવું ચીત્ત અનાથને દેવું વીત્ત. રામ૦ ૧૨ ભગવત ગીતા વાક્ય ભણવું, ગંગાજળ લવ કણી કાપીયું; જેણે કીધી હરીની અરચા, ન કરે જમ તેહની ચરચા. રામ૦ ૧૩ કાંહાંથી આવ્યો ને તું કોણ, પિતા કોણ ને માતા કોણ; એ ધ્યાનનાં સઘળો સાર, સરવે છોડી સ્વપ્ન વિચાર. રામ૦ ૧૪ ગંગા ત્રડજઈ કરવો વાસ, સુવું ભોંય ને ઉપર આકાશ; સઘળા ભોગનો કરવો ત્યાગ, કોહોને સુખ ન કરે વૈરાગ. રામ ભજન કર રામ ભજન કર, રામ ભજન કર નાદાન. સમાપ્ત.